જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૧/૨૦૧૯ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૪૩/૧૯

## રૂપિયા સાત લાખની કિમતના ૧૨ એ.સી ૩ L.E.D T.V ૧ વોશીંગ મશીન સાથે ત્રણ આરોપીઓ ઝડપાયા

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મોબાઇલ ચોરી તથા ચેન સ્નેચીગના ગુનાઓ ન બને તે માટે વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન તા. ૦૫/૦૧/૧૯ ના કલાક ૧૬/૩૦ વાગે વિનાયક પાર્કના નાકે આવતા સાથેના પો.કો સહદેવસિંહ મહેંદ્રસિંહ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ નાઓએ પો.સ.ઇ નાઓને સંયુકત બાતમી હકીકત આપેલ કે એક સફેદ કલરની છોટા હાથી ગાડી નંબર જી.જે.૦૧.ડી.ઝેડ. ૫૫૫૬નો ચાલક તેના કબ્જાની છોટાહાથી ગાડીમાં ચોરી અગર છળકપટથી મેળવેલ એરકન્ડીશન તથા એલ.સી.ડી ટીવી લઇ રીંગરોડ તરફથી આવી અત્રે થઇ નિકળનાર છે જે વેચવાની ફિરાકમાં છે જે બાતમી હકીકત આધારે છોટાહાથી ગાડીમાંથી ચાર એરકન્ડીશન મશીન તથા બે .એલ.ઇ.ડી ટીવી તથા એક વોશીંગ મશીન મળી કુલ્લે રુપિયા ૩,૨૨,૦૦૦/- તથા છોટાહાથી કિ.રૂ. ૬૫, ૦૦૦/- ગણી કુલ્લે રૂ.૩,૮૭,૦૦૦/- નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી

આરોપીઓ:- <u>(૧) અમીતકુમાર ચતુરભાઇ જાતે.પટેલ ઉવ.૨૬ રહે. મનં.ડી/૧૭ મારુતિ ધામ સોસાયટી વેરા પાસે રાજેંદ્રપાર્ક ઓઢવ અમદાવાદ શહેર મુળવતન. ગામ. ઉમેદપર તા. લીબંડી જી.સુરેંદ્રનગર (૨) નિલેષ બાબુભાઇ જાતે.પરમાર ઉવ.૧૯ રહે. મનં.૩૪ વિહળપાર્ક વિભાગ-૨ રત્નમાલા સોસાયટીની સામે તક્ષશીલા સ્કુલ-રોડ ઓઢવ અમદાવાદ શહેર મુળ ગામ.ખીજલપુર તા.ઠાસરા જી.ખેડા</u>

નાઓની વધુ પુછપરછ દરમ્યાન ઉપરોકત ચીજવસ્તુ વિશ્વા ઇલેકટ્રોનીક નામની દુકાનમાંથી ચોરી કરેલાની હકીકત જણાવતા સદરી બાબતે ખરાઇ તપાસ કરાવવા વિશ્વા ઇલેકટ્રોનીકસના સંચાલકશ્રી રસીકભાઇ શંકરભાઇ પટેલ રહે. મનં.બી/૨૦૧ વૃન્દાવન રેસીડેન્સી કર્ણાવતી મેઘામોલની પાસે ઓઢવ અમદાવાદ શહેર નાઓને બોલાવી સદર ચીજવસ્તુઓ પોતાની દુકાનની છે કે કેમ તે બાબતે ખરાઇ તપાસ કરાવતા તેઓએ પોતાની દુકાનનો સ્ટોક ચેક કરતા ઉપરોકત ચીજ્વસ્તુઓ સિવાય બીજા આઠ એરકન્ડીશન મશીન તથા એક એલ.ઇ.ડી ટીવી જણાઇ આવતા ન હોય તેની ચોરી થયેલાની હકીકત જણાવતા રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૦૬/૧૯ ધી ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦,૩૮૧, ૧૧૪ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર કરી આરોપીઓની વધુ પુછપરછ કરતા બીજા આઠ એ.સી તથા એક. ટીવી આરોપીઓના ઘરેથી કબ્જે કરવામાં આવેલ.

આમ બે આરોપીઓ સાથે એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અપરાધીની પણ સંડોવણી જણાઇ આવેલ જેઓની પાસેથી <u>૧૨ A.C, 03 L.E.D.T.V, ૧</u> <u>વોશીંગ મશીન કિ.રૂ. ૭,૦૦,૦૦૦/-</u>નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

જે આરોપીઓને ચોરી કરવા બાબતે પુછતા પોતાના અંગત મોજશોખ સારૂ આ ચોરી કરેલાની હકીકત જણાવે છે.

આરોપી:- અમીતકુમાર ચતુરભાઇ જાતે.પટેલ સદર દુકાનમાં છેલ્લા ચાર વર્ષથી નોકરી કરે છે.

## <u>તડીપાર ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન</u>

પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧ સા.શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા એ.સી.પી સા.શ્રી. "ઇ" ડિવિઝન તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ કરેલ હુકમ અન્વયે સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ લક્ષ્મણસિંહ અભેસિંહ બ.નં.૫૩૬૩ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના સ્ટાફના માણસો પો.કો મહેન્દ્રભાઇ કરશનભાઇ બ.નં.૫૭૪૩ તથા પો.કો દીલીપભાઈ કુબેરભાઈ બ.ન.૬૦૧૩ નાઓને મળેલ સયુકત બતામી હકિકત આધારે અત્રેના પો.સ્ટે તડીપાર હુકમ નં.ક્રમાંક-એ-ડીવીઝન/હદ૫/૧૦/૨૦૧૮ તા-૨૪/૦૮/૧૮ થી અમદાવાદ શહેર તથા તેની લગોલગના જીલ્લા ઓમાંથી તડીપાર થયેલ હોવા છતા અત્રે પ્રવેશેલ ઇસમ નામે અબરારખાન યુનુસખાન પઠાણ રહે. મ.નં.૩૮૬૧ મોટાબંબા ચોક પાનવાળી ગલી કાજીના ધાબા આસ્ટોડીયા જમાલપુર અમદાવાદ શહેર નાઓને આજ રોજ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે

<u>**અમરાઈવાડી પોલીસ સ્ટેશનઃ**</u>

મે.પો.ક.શ્રી કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીઝનનાઓના તરફથી મળેલ સુચના આધારે અને અમરાઈવાડી પો.સ્ટે સી.પો.ઈન્સ શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ તા:-૦૬/૦૧/૨૦૧૯ ના રોજ અમરાઇવાડી પોલીસ.સ્ટેશન સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ ડી.આઇ.સોલંકી તથા પો.સ.ઇ એન.એમ.બારોટ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના સાથેના એલ.આર.જીગ્નેશભાઇ દિનેશભાઇ તથા પો.કો. ભાવેશભાઇ રામદાસ નાઓએ સંયુકત બાતમી હકિકત આપેલ કે કિશ્રા એસ્ટેટની સામે ગુલાબનગર જવાના નાકા પાસે ચાની કીટલીની બાજુમાં સંતોષસિંગ ઉર્ફે મદન ટીકોરીસિંગ રાજપુત રહે. ગુલાબસીંગની ચાલી, ગુલાબનગર, અમરાઇવાડી, અમદાવાદ તથા હીરાલાલ ઉર્ફે હીરા મુલચંદ મારવાડી રહે. ચંદ્રવિહાર સોસાયટી, નારોલ, અમદાવાદ શહેર નાઓ બંને જણા એક ફોર વ્હીલ ગાડીમાંથી કેટલોક ભારતીય બનાવટનો વિદેશીદારુ ઉતારે છે જે બાતમી આધારે રેઇડ કરતા સંતોષસિંગ ઉર્ફે મદન ટીકોરીસિંગ રાજપુત તથા હીરાલાલ ઉર્ફે હીરા મુલચંદ મારવાડી બંને પોતાની કબ્જાની ફોર વ્હીલ ગાડીમાંથી પુંઠાના ખોખા નીચે ઉતારતા હોય એકદમ રેડ કરતાં તેઓ બંને અમોને જોઇ પુંઠાના ખોખા નીચે જમીન પર મુકી પોતાની કબ્જાની ફોર વ્હીલ ગાડી લઇ ભાગી ગયેલ જે ગાડીનો પીછો કરતાં પકડાયેલ નહીં કે તે ગાડીંનો નંબર જાણવા મળેલ નહીં અને તેઓ બંને એ પોતાની ગાડીમાંથી નીચે ઉતારેલ પુંઠાના ખોખા નંગ ૦૭ મળી આવેલ જેમાં જોતાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશીદારૂ ની અલગ અલગ કંપનીની બોટલો નંગ-૮૪ કિ.રૂ.૪૨,૦૦૦/- નો મુદ્દામાલ સ્થળ ઉપર મુકી ભાગી ગયેલ હોય જેથી બન્ને આરોપીઓને તા.૦૬/૦૧/૧૯ ના કલાક ૨૦/૦૦ વાગે વોન્ટેડ જાહેર કરી તેઓ બંને વિરૂધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(એ)(ઇ) ૧૧૬(૧) બી ૮૧ મુજબ અમરાઈવાડી પો.સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.૫૦૧૪/૧૯ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

## <u>વાહન ચોરીના આરોપીને કિ.રૂ.૨૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી નારોલ પો.સ્ટેશનના ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ</u>

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મોબાઇલ ચોરી તથા ચેન સ્નેચીગના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૨૦/૩૦ વાગે વન્ડર પોઇન્ટ પાસે આવતા સાથેના હે.કો વિજયસિંહ પર્વતસિંહ તથા પો.કો ચિરાગભાઇ ભુપતભાઇ નાઓની બાતમી હકીકત આધારે

**<u>નારોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૦૪/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯</u> મુજબના ગુનાનો ભેદ ઉકેલી**

**<u>આરોપી:- શેષરામ રાજારામ યાદવ ઉવ.૨૫ રહે.ગામ.ગત્રાડ તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ મુળવતન. ગામ.ગુલરીહા પોસ્ટ. મહુઇનાનકર જી.સિધ્ધાર્થનગર ઉત્તરપ્રદેશ</u>**

નાને પાસેથી ચોરી કરેલ <u>મો.સા જી.જે.૦૧.એન.ઇ.૫૬૭૮ કિ.રૂ.૨૫,૦૦૦/-</u> ગણી આરોપીને <u>તા.૦૫/૦૧/૧૯ ના કલાક ૨૧/૧૫</u> વાગે પકડી નારોલ પો.સ્ટેશન ખાતે જાણ કરી અનડીટેકટ ગુનો શોધી સારી કામગીરી કરેલ છે.

## <u>જુગાર રમતા ૦૭ ઇસમોને કુલ્લે રૂ.૩૮,૮૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ</u>

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ આજરોજ તા: ૦૬/૦૧/૨૦૧૯ ના કલાક ૧૬/૧૫ વાગે સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ભગવતીનગર બ્લોક નં:૧૮૮ ની પાછળ જાહેરમાં કેટલાક ઇસમો પૈસા પાનાથી હારજીતનો જન્ના મન્નાનો જુગાર રમતા હોવાની બાતમી હકીકત આધારે પો.સ.ઇ. ડી.આર.ગઢવી નાઓએ સ્ટાફના માણસો સાથે સદર બાતમી હકીકત વાળી જગ્યાએ રેડ કરી જુગાર રમતા કુલ- ૦૭ ઇસમોને સ્થળ ઉપરથી પકડી પાડેલ અને સદર જગ્યાએ જમીન પર વેરણ છેરણ હાલતમાં પડેલ ગંજીપાના તથા નાણા ભેગા કરી પંચો રૂબરૂ ગણી જોતા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા દાવ પર પડેલ નાણા કુલ્લે રૂ. ૧૮૦૦/-મળી આવેલ તથા અંગજડતીના રોકડા રૂ. ૧૧,૮૦૦/- તેમજ મોબાઇલ ફોનની કુલ્લે કીરૂ.૨૫,૨૦૦/- મળી કુલ્લે નાણા રૂ. ૩૮,૮૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ અને સદરી ૦૭ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઇકોર્ટ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં-૩૦૦૨/૨૦૧૯ ધી જુગાર ધારા કલમ-૧૨ મુજબનો ગુનો શોધી કાઢતી સોલા હાઇકોર્ટ પોલીસ.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.